મહત્તમ : ૩૬.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૫૧ ટકા
ગાંધીનગર તાપમાન

આજે શહેરમાં તાજિયા જુલુસ

મહોરમ નિમિત્તે ઈમામ હુસૈનની શહીદીની યાદમાં મુસ્લિમ બિરાદરો શોક મનાવશે : હુસૈની ટેકરી પર બડી દરગાહ ખાતે તાજિયાનું વિસર્જન કરાશે

ગાંધીનગરમાં મહોરમ માસમાં ઈમામ હુસૈની શહીદીની યાદમાં તા. ૨૧મી સપ્ટેમ્બરે તાજિયા જુલસનું આયોજન કરાયું છે. તાજિયા જુલુસ સાથે મુસ્લિમ બિરાદરો ઈમામ સાહેબની યાદમાં શોક મનાવશે અને જુલુસ શહેરના માર્ગો પર પરિભ્રમણ કરશે.

ગાંધીનગરમાં સેકટર-૨૯માં હુસૈની ચોકથી તાજિયા જુલુસનો પ્રારંભ થશે જે ઘ-૬ સર્કલે જશે. અહીં સેકટર-૨૪માંથી ચરેડી સેકટર-૨૮માંથી આવેલ તાજિયા એકત્ર થશે ત્યારબાદ સમગ્ર જુલુસ ઘ-૫ સર્કલ, ચ-૫ સર્કલ થઈ સેકટર-૩૦ સર્કલ થઈને સાબરમતી નદી તરફના માર્ગે હુસૈની ટેકરી બડી દરગાહ ખાતે પહોંચશે જયાં તેનું આખરી વિસર્જન યોજાશે. તાજિયા જુલુસના માર્ગો પર હુસૈની કમિટિ દ્વારા પાણી-ઠંડા પીણા અને નાસ્તાની સુવિધા ઉભી કરવામાં આવશે. તાજિયા જુલુસમાં અખાડાના ઢોલ-ત્રાંસાના તાલે અખાડિયનો દ્વારા કરતબ બતાડાશે. આ ઉપરાંત રોઝેદારો માટે સાંજે રોઝો ખોલવાની પણ વ્યવસ્થા કરવામાં આવશે. ગાંધીનગરના વાવોલ ખાતે પણ તાજિયા જુલુસ યોજાશે. સમગ્ર મહોરમ માસ દરમિયાન મુસ્લિમ સમુદાય દ્વારા ઈમામ હુસૈનની યાદમાં તકરીર જેવા ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

પેથાપુરમાં તકરીર (કથા) યોજાઈ

મહોરમ માસમાં ઈમામ હુસૈનની શહીદીની યાદમાં શકિનાબેન ઈમામભાઈ પરમાર હોલ ખાતે તકરીર (કથા)નું આયોજન કરાયું હતું. દર વર્ષે યોજાતી આ કથાનું પેથાપુર મુસ્લિમ સમાજ દ્વારા આયોજન કરાય છે. આ વર્ષે પેથાપુર વિસ્તારના આશરે ૧૫૦૦થી વધુ મુસ્લિમ બિરાદરો જોડાયા હોવાનું યુનુસ યુસુફભાઈ પરમારે જણાવ્યું હતું.

ગાંધી મિત્ર વર્તુળની માસિક બેઠક યોજાશે

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની સપ્ટેમ્બર માસની બેઠક આગામી તા. ૨૨ સપ્ટેમ્બરને શનિવારના રોજ સાંજના ૫ કલાકે સેકટર-૨૩ બ્લોક નં.૯૧-૧ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે યોજાશે જેમાં ગાંધી-૧૫૦ વર્ષ સંદર્ભે કાર્યક્રમના આયોજન અંતર્ગત વિચારણા કરવામાં આવશે.

અવસાન નોંધ

સંજય પ્રભુદાસ પંડયાના પિતાજી તેમજ નગરના જાણીતા કલાકાર સુરેશ રત્નોતરના ગુરુ બંધુ રત્નોતર પ્રભુદાસ શીવરામભાઈ (ઝાંઝરકા)નું ગત તા.૧૮-૯-૧૮ ના રોજ નિધન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૨૧ સપ્ટેમ્બરને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સેકટર-૨ સી પ્લોટ નં. ૯૪૨-૨ ખાતે રાખવામાં આવ્યું છે.

ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ ભરતકુમાર શકરચંદ, ઉ.વ. ૫૦
- સ્વ. રાઠોડ ખોડાભાઈ ફુસાભાઈ, ઉ.વ. ૮૧
- સ્વ. ઠાકોર દિનાજી વિક્રમજી, ઉ.વ. ૩૧
- સ્વ. બિહોલા સુરેન્દ્રસિંહ નાથુસિંહ, ઉ.વ. ૪૨
- સ્વ. પટેલ ડાહીબેન લાલાભાઈ, ઉ.વ. ૭૬

ગણેશ મહોત્સવમાં અર્બુદા ફાઉન્ડેશન દ્વારા લોકડાયરો

અર્બુદા ફાઉન્ડેશન દ્વારા ગઈ કાલે ગણેશ વિસર્જનના કાર્યક્રમ બાદ સાંજે લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોક સાહિત્યકાર ઈશ્વર ચૌધરી અને મેઘરાજ ચૌધરીએ ગણેશજીના વિવિધ સુંદર ગીતો રજુ કરી સમાજના સૌ સભ્યોને મંત્રમુગ્ધ કર્યા હતા. ડાયરામાં રાજયકક્ષાના મંત્રી પરબતભાઈ પટેલ, ધારાસભ્ય શીવાભાઈ ભુરીયા, પૂર્વ ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી તેમજ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. તે ઉપરાંત સમાજના યુવાનોને અર્બુદા ફાઉન્ડેશનના પંકજ ચૌધરી, મહેશ ચૌધરી તથા અન્ય સભ્યોએ યુવાનોને વ્યસન મુકિતના શપથ લેવડાવ્યા હતા.

વિ ઈલેવન પરિવાર દ્વારા વિદ્યાર્થીઓનું સન્માન કરાશે

ગાંધીનગર,તા.૨૦

વિ ઈલેવન પરિવાર ગાંધીનગર દ્વારા તા. ૩૦-૯-૧૮ ના રોજ વર્ષ ૨૦૧૭-૧૮ ના શૈક્ષણિક વર્ષમાં ધો-૧૦ અને ધો-૧૨ માં ૭૦ ટકાથી વધુ માર્ક મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે.તે ઉપરાંત તા.૧-૧-૧૮ પછી સરકારી સેવામાં નિમણુંક પામેલા તેમજ નિવૃત થયેલા નિવૃત થયેલા કર્મચારી-અધિકારીઓ અને પરિવારના ૭૦ વર્ષથી વધુ વયના વડીલોનું સભ્યો દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવશે. જેથી દરેક સભ્યોએ પોતાની માહિતી વહેલામાં વહેલી તકે તા.૨૭-૯-૧૮ સુધીમાં સંસ્થાના મહામંત્રી અથવા પરિવારના ટ્રસ્ટીઓને મોકલી આપવા વિ ઈલેવન પરિવાર દ્વારા જણાવાયું છે.

કરાઈ પાસે સાબરમતિ નદીમાં ડુબી ગયેલા બે યુવાનના મૃતદેહ મળ્યા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર પાસે આવેલા કરાઈ પાસે સાબરમતિ નદીમાં ગણેશ વિસર્જન પ્રસંગે ગતરોજ સાંજના સુમારે ૧૦ યુવાનો પાણીમાં ગરકાવ થયા હતા. સાત યુવાનોને ફાયરબિગ્રેડની ટીમે બચાવી લીધા હતા. જયારે એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો અને અન્ય બે યુવાન નદીના પાણીમાં લાપતા બન્યા હતા. ત્યારે ફાયર ટીમ દ્વારા ગુરૂવારના રોજ સવારે ૧૦ કલાકની આસપાસ નદીમાં શોધખોળ હાથ ધરવામાં આવતા ચાંદલોડીયા વિસ્તારના બે લાપતા થયેલા યુવાનના મૃતદેહ મળી આવ્યા હતા. જેને પગલે મૃતક યુવાનોના પરિવારોમાં અને સમગ્ર વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

અમદાવાદના ચાંદલોડીયા વિસ્તારમાંથી ગતરોજ સાંજના સુમારે ગણેશ વિસર્જન માટે ભકતો કરાઈ પાસે સાબરમતિ નદીના પટમાં આવ્યા હતા. જયાં ગણેશ વિસર્જન સમયે ૧૦ યુવાનો ડુબ્યા હતા. જેમાંથી ૭ યુવાનોને ગાંધીનગર ફાયર બિગ્રેડની ટીમે બચાવી લીધા હતા. જયારે એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. જયારે મોડીસાંજ સુધી નદીના પાણીમાં ગરકાવ થયેલા અન્ય બે યુવાનનો પત્તો લાગ્યો ન હતો. ત્યારબાદ ગુરુવારના રોજ સવારે ૧૦ કલાકના અરસામાં ફાયર બિગ્રેડની ટીમને બે યુવાનના મૃતદેહ મળી આવ્યા હતા. બંન્ને યુવાનોના પરિવારોએ હૈયાફાટ રૂદન કરતા સમગ્ર માહોલમાં ગમગીની છવાઈ ગઈ હતી. જયારે મૃતકમાં અજયકુમાર માંગરેલ રાજભાગ ઉ.વ.૨૦ રહે. અર્બુદાનગર વિભાગ-૧ રાધેપાર્કની બાજુમાં ચાંદલોડીયા અમદાવાદ, અને અરવિંદ ઘનશ્યામભાઈ પાસવાન ઉ.વ.-૨૨ રહે. ૩૧ કનુભાઈની ચાલી, અર્બુદાનગર વિભાગ-૧ ચાંદલોડીયા અમદાવાદનો સમાવેશ થાય છે. ચાંદલોડીયા વિસ્તારના યુવકોના મૃત્યુંથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

સે-૨૮માં એટીએમ તોડવાનો નિષ્ફળ પ્રયાસ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ચોર ટોળકી સક્રીય થઈ હોય તેમ લાગી રહ્યું છે. ચોર ઈસમો ઘટનાને અંજામ આપી પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગે છે. ત્યારે સેકટર-૨૮ એન્જીનિયરીંગ કોલેજ પાસે આવેલા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના એટીએમને ગતરાત્રીએ ચોર ઈસમોએ નિશાન બનાવ્યું હતું. પરંતુ પ્રાથમિક સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ એટીએમનું માત્ર શટર જ ઉંચુ ચોર ઈસમોએ કર્યું હતું. એટીએમ તોડવાના પ્રયાસમાં નિષ્ફળ નિવડયા છે. તો બીજી તરફ જે સ્થળે એટીએમ બેંક દ્વારા મુકવામાં આવ્યું છે. તે એટીએમમાં સીસીટીવી કેમેરા પણ નથી અને સિક્યુરીટી ગાર્ડ પણ તંત્ર દ્વારા મુકવામાં આવ્યો નથી. જયારે એટીએમની સલામતી માટે તંત્ર દ્વારા ઘોર બેદરકારી દાખવી રહ્યા છે. આ ઘટના બાદ એટીએમ રામ ભરોસે ચાલતુ હોય તે સ્પષ્ટ થાય છે.

બાલ પ્રતિભા શોધ સ્પર્ધામાં જે.બી. પ્રાથમિક શાળા ઝળકી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર આયોજિત બાલ પ્રતિભા શોધ અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન શનિવારના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળાના પ્રિત પટેલ, વેદાંત ત્રિવેદી, રાહિલ શાહ, ધ્રુવ પ્રજાપતિ, વંશ પુરોહિત, પ્રિયાંશુ પનારા, કુશીલ પ્રજાપતિ, યથરાજ વાઘેલા, અંશ પટેલ, રાજ વાઢેર, ખુશ પટેલ જેવા વિદ્યાર્થીઓએ અલગ અલગ સ્પર્ધામાં ભાગ લઈને શાળાનું ગૌરવ વધારેલ છે. આ તમામ વિદ્યાર્થીઓ તેમજ માર્ગદર્શન આપનાર શિક્ષકોને શાળાના આચાર્યા નીવાબેન પટેલ તેમજ શાળા પરીવારે ખુબ અભિનંદન પાઠવ્યા છે.

આર.જી. કન્યા વિદ્યાલય ગાંધી નાટય સ્પર્ધામાં ત્રીજા સ્થાને

ગાંધીનગર, તા.૨૦

ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગરની માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે નાટય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાની ૧૧ જેટલી શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં આર.જી. પટેલ કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ દ્વારા રજુ કરવામાં આવેલ 'ગાંધીજીનું સ્વચ્છતાનું સ્વપ્ન' નાટક રજુ કરી તૃતીય નંબર પ્રાપ્ત કરીને શાળાને ગૌરવ અપાવ્યું હતું. તે બદલ શાળાના આચાર્યા સુધાબેન પટેલ તથા શાળા પરિવાર તરફથી વિદ્યાર્થીઓને તેમજ માર્ગદર્શન આપનાર નંદાબેન ગઢવી, મંજુલાબેન ડોડિયાને અભિનંદન પાઠવ્યા હતા.

ચિલોડા ખાતે ગણેશ મહોત્સવમાં ૧૦૦૮ લાડુનો ભોગ, ૧૦૮ દીવાની આરતી

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ખાતે વિવિધ સ્થળે દર વર્ષની જેમ આ વર્ષે પરંપરા મુજબ ગણેશ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ચિલોડા રામજી મંદિરની પાસે હસમુખભાઈ એસ. પટેલના નિવાસસ્થાને ગણેશજીનું સ્થાપન કરાયું હતું. જેમાં રોજ પુજા અર્ચનાની સાથે આરતી, પ્રસાદ તેમજ રાત્રે ભજન સંધ્યાના કાર્યક્રમમાં ભાવિક ભકતજનોએ હાજર રહેતા અને શ્રીજીના ગુણલા ગાતાં સમગ્ર વાતાવરણ ભકિતમય બનવા પામ્યું હતું. રોજબરોજ બાપાને અલગ અલગ શણગાર તેમજ ભોગ ધરાવી પૂજા અર્ચના કરવામાં આવી હતી. શ્રીજીના વિદાય મહોત્સવમાં છેલ્લે દિવસે ૧૦૦૮ લાડુનો ભોગ અને ૧૦૮ દીવાની મહાઆરતી કરવામાં આવી હતી. અંતમાં ગણેશ વિસર્જન પ્રસંગે ગામના ચોકમાં રાસ ગરબાની રમઝટ તેમજ ભવ્ય શોભાયાત્રા સાથે ધામધૂમ પૂર્વક સાબરમતી નદીમાં વિસર્જન કરાયું હતું.

આજે ટાઉનહોલ ખાતે સંસ્કૃતિ સંસ્થા દ્વારા નાટક 'સુંદર બે બાયડીવાળો' યોજાશે

ગાંધીનગર, તા.૧૦

શહેરની જાણીતી કલા સંસ્થા સંસ્કૃતિના ઉપક્રમે 'સુંદર બે બાયડીવાળો' શિર્ષક તળે એક અણીશુધ્ધ હાસ્યથી ભરપુર નાટક તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૧૮ને શુક્રવારે રાત્રે ૯.૧૫ કલાકે ટાઉનહોલ, ગાંધીનગર ખાતે પ્રસ્તુત કરાશે.

ગુજરાતી તખ્તાના 'ચાર્લી ચેપ્લીન' તરીકે લોકપ્રિયતા પામેલા મુંબઈના જાણીતા કલાકાર સંજય ગોરડીયા દિગ્દર્શિત અને અભિનિત આ નાટકમાં નિર્દોષ હાસ્ય હરપળે પ્રસ્તુત થાય છે જે પ્રેક્ષકોને રાજી કરે છે. આ નાટકમાં શિર્ષક છે તે સત્ય નથી અને સત્ય જે છે એ શિર્ષકમાં સમાતું નથી એવા ગોટાળા ઉભા કરતું નાટક દરેક ઉંમરના તમામ પ્રેક્ષકોને આનંદીત કરે છે. ખાસ કરીને સમગ્ર કુટુંબ સાથે બેસીને આ નાટક નિહાળી શકે અને સૌ ખડખડાટ હસી શકે એવી રીતે આ નાટક તૈયાર કરવામાં આવ્યું છે. વ્યકિત પોતાની પવિત્રતા જાળવવા માટે જયારે કોઈ જગ્યાએ ફસાવા તૈયાર ન હોય ત્યારે તે અંગેના પ્રયત્નોમાંથી જે હાસ્ય ઉત્પન્ન થાય એ નાટકની ગતિશીલતા છે. સંસ્કૃતિ સંસ્થા દ્વારા ચોથા કાર્યક્રમ તરીકે આ કાર્યક્રમ પ્રસ્તુત થઈ રહ્યો છે.

ગ્રામ્ય સંસ્કૃતિ આપણું મૂળ છે, તે સાચવવું જ પડશે

ગુજરાતી અર્બન ફિલ્મો 'રોંગ સાઈડ રાજુ' અને 'થઈ જશે' જેવી ફિલ્મોના અભિનેતા મૌલિક ચૌહાણ ગાંધીનગરના મહેમાન બન્યાં

ગાંધીનગર, તા.૨૦

નેશનલ એવોર્ડ વિજેતા 'રોંગ સાઈડ રાજુ' અને 'થઈ જશે' જેવી હીટ ગુજરાતી અર્બન ફિલ્મોમાં પ્રસંશાત્મક ભૂમિકા ભજવનાર યુવા અભિનેતા મૌલિક ચૌહાણ ગાધીનગરના મહેમાન બન્યા હતા. હોમિયોપેથીમાં તબીબી અભ્યાસ કરી ચુકેલા આ સોહામણા અભિનેતા નાટકોમાં કામ કરી ચુકેલા રંગમંચ કર્મી છે અને નાટક 'સ્પંદન' માટે તેમને સંગીત નાટક અકાદમીનો પુરસ્કાર પણ મળી ચુકયો છે. મહેસાણામાં રહેતા અને સરકારી અધિકારી એવા માતા-પિતાના સંતાન મૌલિક ચૌહાણને અભિનય ઉપરાંત ક્રિકેટ અનહદ ગમે છે. ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં આ યુવા અભિનેતાએ ઘણી સંવેદનાત્મક વાતો કરી હતી.

પ્ર. : તમારી પહેલી ફિલ્મ 'થઈ જશે' અને પછી 'રોંગ સાઈડ રાજુ' વિશે જણાવશો ?

જ. : મારી પહેલી ફિલ્મ 'રોંગ સાઈડ રાજુ' હતી પરંતુ 'થઈ જશે' પહેલા રિલીઝ થઈ હતી. રોંગ સાઈડ...એક એવા સામાન્ય વ્યકિતની વાત છે જે દર્શાવે છે કે કોઈ પણ વ્યકિત નબળો નથી હોતો તે ધારે તો ગમે તેવી પરિસ્થિતિમાંથી બહાર આવી શકે છે, તેમાં નાયકનું પાત્ર રાજુ તેના નામ મુજબ આપણી આસપાસનું જ પાત્ર છે. થઈ જશેમાં ગામડાનો યુવાન જે પોતાના મૂળ સાથે જોડાયેલો છે જે પોતાની લાગણીઓ અને નિર્દોષતા સાથે શહેર અને ગામડાંનો ઓળખી શકાય તેવો ફર્ક દર્શાવે છે.

પ્ર. : ગામડાં તુટી રહ્યા છે અને શહેરીકરણ તરફ દોટ વધી છે તે અંગે આપનું શું માનવું છે?

જ. : શહેર અને ગામ વચ્ચે માત્ર મહોરાંનો ફર્ક છે, બાકી દરેકના મૂળ તો ગામડાંમાં જ છે. વ્યકિતનું ગામ અને ઘર જ તેનો અસલી ચહેરો છે. જેવી પ્રમાણિકતા ગામડામાં છે તેવી હવે શહેરમાં પણ જોવા મળતી થઈ છે. તેની શરૂઆત થઈ ચુકી છે.

પ્ર. : આપની આગામી ફિલ્મ 'લખમી'માં આપનું પાત્ર કેવું છે?

જ. : આ ફિલ્મમાં પણ હુંગ્રામ્ય સંસ્કૃતિમાં ઉછરેલી વ્યકિતનું પાત્ર ભજવી રહ્યો છું. આપણું મૂળ જે છે તે આપણે સાચવવું જ પડશે, નહીં તો સમાજે ઘણું ગુમાવવું પડશે તેવી વાત આ ફિલ્મ લઈને આવી છે. જેની નિર્દોષતા અને પ્રમાણિકતા દરેકને ઝંઝોળશે. હું નસીબદાર છું કે હર્ષદ ઠાકોરે મને સાહિત્યિક કૃતિ આધારિત આ ફિલ્મમાં કામ કરવાની તક આપી છે.

પ્ર. : ગુજરાતી ફિલ્મમાં સિંગલ સ્ક્રીન કે મલ્ટિ સ્ક્રીન ફિલ્મો વચ્ચેનો તફાવત ક્યાં સુધી રહેશે?

જ. : સિંગલ સ્ક્રીન-મલ્ટિ સ્ક્રીન ફિલ્મો એ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝને જીવંત રાખી છે, અર્બન ફિલ્મો એનવી પેઢીને ગુજરાતી ફિલ્મ જોતી કરી છે અને ગુજરાતી ભાષા પ્રત્યે ગર્વ લેતી કરી છે.

ધૂમકેતુની વાર્તા પરથી બનશે 'લખમી' ફિલ્મ

અથર્વ એન્ટરપ્રાઈઝના નેજા હેઠળ નિવૃત્ત માહિતી અધિકારી હર્ષદ ઠાકર ધૂમકેતુની 'તણખા મંડળ' વાર્તાસંગ્રહની વાર્તા 'લખમી'ને ફિલ્મમાં ઢાળી રહ્યાં છે જેની પટકથા-સંવાદ-નિર્માણ તથા દિગ્દર્શન હર્ષદ ઠાકરનું છે, મહિલા પ્રધાન આ ફિલ્મમાં મૌલિક ચૌહાણ મહત્વનું લીડ પાત્ર 'કાનજી' ભજવશે. સમગ્ર ફિલ્મ ફ્લેશબેકમાં ચાલે છે.

પ્ર. : હવે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝનું ભાવિ કેવું લાગે છે?

જ. : ગુજરાતીઓ બીઝનેસમાં પહેલાથી આગળ રહ્યા છે પરંતુ ગુજરાતી ફિલ્મોમાં તેમનો બીઝનેસ ઓછો હતો. જો કે હવે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ પણ આગળ વધી રહી છે તે સારી બાબત છે.

પ્ર. : પ્રાદેશિક ફિલ્મો વિશે આપનું શું માનવું છે?

જ. : મારી ફિલ્મ કારકિર્દીની પ્રથમ ફિલ્મ તમિલ ફિલ્મ હતી જે 'ઓમ શાંતિ ઓમ'નું તમિલ વર્ઝન હતું જેમાં મેં સપોર્ટિંગ એકટર ઉપરાંત આસીસ્ટન્ટ ડિરેકટર તરીકે પણ કામ કર્યું હતું. હું સાઉથની ફિલ્મોનો દિવાનો છું, તેઓ ટેકનોલોજીનો ખૂબ સારો ઉપયોગ કરી જાણે છે અને તેમની પ્રત્યેક ફિલ્મોમાં એક સંદેશ જરૂર હોય છે.

પ્ર. : હિન્દી ફિલ્મોમાં તક મળી છે?

જ. : એક હિન્દી ફિલ્મ મળી હતી તેનું ૭૫ ટકા શુટિંગ પણ થઈ ગયું હતું જે ભારત-પાકિસ્તાન બોર્ડર પર માછીમારોના થતા અપહરણ આધારિત હતી પરંતુ કેટલાક કારણોસર તે ફિલ્મ અટકી પડી અને રિલીઝ ના થઈ શકી.

પ્ર. : ક્યારથી અભિનય ચાલુ કર્યો ? કોણ આપના આદર્શ છે ?

જ. : કિશોરાવસ્થામાં પૂ. પાડુંરંગ શાસ્ત્રી પ્રેરિત સ્વાધ્યાયમાં જન્માષ્ટમીના નાટકોમાં હું અભિનય કરતો હતો ત્યારથી અભિનયની લગન લાગી હતી. અમિતાભ બચ્ચન મારા આદર્શ છે જેમણે અભિનયનો કોઈ ખૂણો બાકી રાખ્યો નથી.

પ્ર. : કયું પાત્ર ભજવવાની ખેવના છે ?

જ. : માલવપતિ મુંજ મારા હૃદયની ખૂબ નજીક છે, મારા મિત્ર એ સૌથી પહેલા તેની વાર્તા મને કહી હતી ત્યારથી તે પાત્ર પ્રત્યે મને ખેંચાણ છે.

પ્ર. : યુવાનોમાં શોર્ટ ફિલ્મોના ટ્રેન્ડ વિશે કહેશો.

જ. : મેં એક શોર્ટ ફિલ્મ 'ધ સસ્પેકટ' બનાવી હતી જેમાં વ્યસન મુકિતનો સંદેશ હતો અને તે કેલિફોર્નિયા ફિલ્મ ફેસ્ટિવલમાં નોમિનેટ થઈ હતી તથા લખનૌ આઈસીએમ તરફથી તેને એવોર્ડ પણ મળ્યો હતો. શોર્ટ ફિલ્મમાં કોમ્પ્રોમાઈઝ કરવાને બદલે વિષયની ગંભીરતા સાથે બનાવાય તો તેની લંબાઈ મહત્વની રહેતી નથી.

પ્ર. : અભિનય સિવાય કયા શોખ છે ?

જ. : મને ક્રિકેટનો ગાંડો શોખ છે અને સચિન તેંડુલકરનો હું ચાહક છું. આ ઉપરાંત બેડમિન્ટન અને કેરમ રમવી ગમે છે અને ટીવી પર ફુટબોલ જોવી પણ ગમે છે. બહુ ઝડપથી હું એક સ્પોર્ટસ આધારિત ગુજરાતી ફિલ્મમાં જોવા મળીશ જે દરેકને સ્પર્શી જશે.

પ્ર. : ગાંધીનગર કેવું લાગે છે ?

જ. : ગાંધીનગરની હરિયાળી ખૂબ સ્પર્શે છે અને અહીં આવી કૃષ્ણકાંત જહાને મળીને તેમનાથી ખૂબ પ્રભાવિત થયો છું. તેમની સાથેની મુલાકાત યાદગાર બની રહેશે.